પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

<u>સુધારા હુકમ:</u>

## -:જાહેરનામું:-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ- ૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩(ખ)(૧),૩૩(ભ)(૧), ૧૧૩, ૧૧૭ અન્વયે કાઢેલ હુકમ.**

**ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ પરમીટ/ ૦૩ /૨૦૨૨. તા.૧૧/૦૧/૨૦૨૨**

વંચાણે લીધા-: ગુજરાત સરકારના હુકમ ક્રમાંક :વિ-૧/ કવઅ/ ૧૦૨૦૨૦/ ૪૮૨, તા.૧૦/૦૧/૨૦૨૨ આધારે.

તા.૧૪-૧૫/૦૧/૨૦૨૨ ના રોજ અમદાવાદ શહેરમાં ઉત્તરાયણ તથા વાસી-ઉત્તરાયણ તહેવારની ઉજવણી કરવામાં આવતી હોય છે. સામાન્ય સંજોગોમાં ઉતરાયણ તથા વાસી-ઉત્તરાયણ ઉજવણી માટે ધાબા, અગાસીઓ તેમજ ખુલ્લા મેદાનોમાં મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. જેને નિયત્રણ હેઠળ રાખવા તથા કાયદો વ્યવસ્થા જાળવવા સારૂ ઉપરોકત ક્રમાંકથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. મોટી સંખ્યામાં લોકો એકત્રિત થવાથી કોરોના સંક્રમણ વધવાની શક્યતા રહેલી છે. જેને અટકાવવા સારૂ ગૃહ વિભાગ દ્વારા ઉપરોકત ક્રમાંકથી તા.૧૧/૦૧/૨૦૨૨ થી તા.૧૭/૦૧/૨૦૨૨ સુધીનો હુકમ બહાર પાડવામાં આવેલ છે. જેમાં વિભિન્ન પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ મુકવામાં આવેલ છે. આથી, અગાઉના સરખા ક્રમાંકથી અત્રેથી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાં ગૃહવિભાગના ઉપરોકત હુકમમાં ઉલ્લેખીત પ્રવૃત્તિઓનો ઉમેરો કરવો જરૂરી જણાય છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં. જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ, અનુસંધાને ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૧/૦૧/૨૦૨૨ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૭/૦૧/૨૦૨૨ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ વધારાના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું:

## -:પ્રતિબંધિત કૃત્યો:-

1. કોઈપણ જાહેર સ્થળો/ ખુલ્લા મેદાનો/ રસ્તાઓ વગેરે પર એકત્રીત થઈ શકાશે નહી. તેમજ પતંગ ચગાવી શકાશે નહી.
2. પ્રવર્તમાન મહામારીની પરિસ્થિતિમાં ઉત્તરાયણનો તહેવાર પોતાના પરિવારના નજીકના સભ્યો (**Close family members only**) સાથે જ ઉજવવામાં આવ તે સલાહભર્યુ છે.
3. માસ્ક વિના કોઈપણ વ્યક્તિને મકાન/ ફ્લેટના ધાબા/ અગાસી કે સોસાયટીના મેદાનમાં પતંગ ચગાવવાના હેતુથી એકત્રિત થઈ શકશે નહી. ત્યાં ઉપસ્થિત લોકોએ સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન અને સેનેટાઈઝરની વ્યવસ્થા ફરજિયાતપણે કરવાની રહેશે.

4. મકાન/ ફલેટના ધાબા/ અગાસી કે રહેણાક સોસાયટીના મેદાનમાં ત્યાંના રહીશ સિવાયની કોઈપણ વ્યક્તિને પ્રવેશ આપવાનો રહેશે નહી. ફલેટ/ રહેણાંક સોસાયટી સંબધીત કોઈપણ સૂચનાઓના ભંગ બદલ સોસાયટી/ ફલેટના સેક્રેટરી/ અધિકૃત વ્યક્તિઓ જવાબદાર રહેશે અને તેઓ વિરૂધ્ધ નિયમાનુસારની કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.
5. મકાન/ ફલેટના ધાબા/ અગાસી કે રહેણાંક સોસાયટીના મેદાનમાં મોટી સંખ્યામાં લોકોના એકત્રિત થવા પર પ્રતિબંધ રહેશે.
6. મકાન/ ફલેટના ધાબા/ અગાસી કે રહેણાક સોસાયટીના મેદાનમાં લાઉડ સ્પીકર, ડી.જે અથવા કોઈ પણ પ્રકારની મ્યુઝિક સિસ્ટમ વગાડવાથી ભીડ એકત્રિત થવાથી સોશિયલ ડિસ્ટન્સીંગનો ભંગ થવાની તેમજ કોરોના સંક્રમણ વધવાની શકયતાઓ હોવાથી લાઉડ સ્પીકર ડી.જે તેમજ મ્યુઝિક સિસ્ટમનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે.
7. ૬૫ વર્ષથી વધુ વયના વયસ્ક વ્યક્તિઓ, અન્ય રોગોથી પીડીત વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી ઓછી વયના વ્યક્તિ ઘરે રહે તે સલાહભર્યુ છે.
8. કોઈપણ વ્યક્તિ જાહેર જનતાને લાગણી દુભાય તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ થાય તેવા કોઈપણ પ્રકારના લખાણો/ સ્લોગન/ ચિત્રો પતંગ પર લખી શકશે નહી.
9. નામદાર સુપ્રીમકોર્ટ/ હાઈકોર્ટ તથા NGT ની સુચનાઓ અન્વયે ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન, ચાઈનીઝ તુક્કલ, સ્કાય લેન્ટર્ન, સિન્થેટીક/ કાંચ પાયેલા માંઝા, પ્લાટીક દોરી વિગેરે પર પ્રતિબંધિત રહેશે. આ અંગે ગૃહ વિભાગના તા.૦૬/૦૧/૨૦૨૨ ના પત્ર ક્રમાંક: વિ-૨/ ડી.એસ.એમ/ ૧૩૨૦૧૬/ હા.કો.૦૨( પા.ફા) થી અપાયેલ સુચાનાઓનો ચુસ્તપણે અમલ કરવાનું રહેશે.
10. જે વ્યક્તિઓ અમદાવાદ શહેરમાં જુદા-જુદા સ્થળોએ આવેલ પતંગ બજાર જેવા કે રાયપુર, ટંકશાળ, નરોડા વિગેરેની મુલાકાત લે ત્યારે COVID-19 સંબધી દિશાનિર્દેશોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને વ્યક્તિઓની સંખ્યા મર્યાદીત રહે તે માટે પોલીસ કર્મચારીઓને સહકાર આપવાનો રહેશે.
11. COVID-19 સંદર્ભે અત્રેની કચેરીના જાહેરનામં ક્રમાંક નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેક્શન/૦૨/૨૦૨૨ તા.૦૭/૦૧/૨૦૨૨ માં જણાવેલ માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

<u>નોંધ:-</u> બાકીની અન્ય જોગવાઈઓ તથા નિયંત્રણો અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક નંબર –વિ.શા/ જાહેરનામું/ એ-સેક્શન/ 03/૨૦૨૨ તા.૦૮/૦૧/૨૦૨૨ માં જણાવ્યા મુજબના યથાવત રાખવામાં આવે છે.

## -:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

## -:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ તથા જી.પી એકટ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિર્દેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/ટ્રાફિક શાખા/મુખ્યમથક અમદાવાદ શહેર.
(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.
(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.ક્મિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P.Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)